# સોનેરી માછલી ને ઘરડી કાચબી

– ચંદ્રકાન્ત શેઠ

રામપુરાનું તળાવ ખરેખર જોવાલાયક હતું. એમાં સફેદ ને રાતાં સુંદર કમળ થતાં. વળી ત્યાં બંગલા ને જળકૂકડી, બતક, હંસ ને સારસ એમ જાતભાતનાં પંખીઓ આવતાં. તળાવમાં રંગબેરંગી માછલીઓની પણ વસ્તી હતી. તેથી જે કોઈ રામપુરા આવે તે આ તળાવ પર ફરવા આવવાની તક તો જવા જ ન દે. તળાવકાંઠે મહાદેવનું સુંદર મંદિર હતું. અનેક ભક્તો મહાદેવનાં દર્શન કર્યા બાદ તળાવના ઓવારા પર બેસતા ને સાથે લાવેલ મમરી–મમરા વગેરે તળાવમાં નાખી માછલી, કાચબા વગેરેને આકર્ષવાનો પ્રયત્ન કરતા.



આ તળાવમાં રંગબેરંગી માછલીઓ તો અનેક, પણ સોનેરી માછલી એકેય નહોતી. એમાં એક વાર ભારે વરસાદ આવતાં, વરસાદ સાથે ક્યાંકથી પાણીમાં તણાઈને જે માછલીઓ તળાવમાં આવી તેમાં એક સોનેરી માછલી હતી. આવી માછલી તળાવમાં બીજી એકેય નહીં, એટલે એનો ફુલારો તો માય નહીં. જેને ને તેને એ પોતાનો સોનેરી રંગ બતાડવાના મોહમાં તળાવના કાંઠા સુધી આંટો મારતી અને ત્યારે એની નજીકમાં રહેતી ઘરડી કાચબી તેને પ્રેમપૂર્વક ઠપકોય આપતી. એ કહેતી, ‘દીકરી, ભગવાને તને સોનેરી રંગ આપ્યો છે તે સારું છે, પણ તેનો ઘમંડ સારો નહીં.’ માછલીને તો આ ઘરડી કાચબીની શિખામણ સાવ હસી કાઢવા જેવી લાગી. એ તો છણકો કરતીકને કાચબી પાસેથી ઊઠીને ચાલી ગઈ. કાચબી તો એક ઊંડો નિસાસો નાખીને બેસી રહી.

પેલી સોનેરી માછલીએ તો આખા ગામને જાણે ગાંડું કર્યું. ધીરે ધીરે સૌને ખબર પડી કે આ તળાવમાં એક સોનેરી માછલી આવી છે. અનેક તરવૈયાઓ તળાવમાં ડૂબકી મારીને એને પકડવાની

મથામણ કરતા. કેટલીક વાર તો આમતેમથી ઊડી આવતાં પક્ષીઓ પણ તળાવ–કાંઠે બેસીને આવી કોઈ માછલી જોવા મળે તો ઝડપી લેવાની આશા રાખતાં ને તેમાં બગલાભાઈ તો ખાસ.

આ સોનેરી માછલી પાછી વાતોડિયણ પણ બહુ હતી. અવારનવાર અજાણ્યા સાથેય વાતનાં વડાં કરવામાં જામી પડે. એક વાર તો એ મીઠાબોલા બગલા સાથે વાતે ચડેલી; બગલાએ તો તેને પાસે આવવાનેય લલચાવેલી પણ માછલીનું નસીબ પાધરું તે પેલી ઘરડી કાચબી ત્યાં આવી ચઢી ને તેને પેલા બગલાને ધમકાવી કાઢી માછલીને સાચવીને ઊંડા પાણીમાં લઈ ગઈ.

આ માછલી એક વાર પાણીમાં આરામથી સહેલતી હતી. તેને થયું, ‘ચાલ, આજે તો ઘણાં લોકો મહાદેવના દર્શને આવ્યાં છે તે મારો સોનેરી રંગ એમને બતાડી આવું.’ ને એ તો ઓવારા તરફ દોડી. આમ તે જતી હતી ત્યાં કશુંક જાળી જેવું એને દૂરથી દેખાયું ને તરત એના પડખે જ તરતી પેલી ઘરડી કાચબીએ કહ્યું, ‘દીકરી, સભાળજે. માછલી એકદમ ચોંકીને પાછી પડી. તેણે જોયું તો પોતાની કેટલીયે બહેનપણીઓ જાળમાં ફસાયેલી હતી ને છૂટવાની મથામણ કરતી હતી. ભલું થજો ઘરડી કાચબીનું તે પોતે જાળમાં ઝડપાતી રહી ગઈને પછી તો એ એવી ઝડપથી ઊંડા પાણીમાં ભાગી ગઈ કે તેની પાછળ આવતાં પેલી ઘરડી કાચબી તો સાવ થાકી ગઈ.

આ પછી તો પેલી સોનેરી માછલી બહુ ઠાવકી થઈ ગઈ છે. કામ વિના કોઈની સાથે નકામું બોલ બોલ કરતી નથી. કોઈની આગળ પોતાના સોનેરી રંગનું અભિમાન કરતી નથી. હવે તો એ પેલી ઘરડી કાચબી સાથે જ તરવા જાય છે ને તેની પાસેથી જાતભાતના અનુભવોની અવનવી વાતો સાંભળવાની મજા માણે છે.

■